# શ્રી વિશાનીમા વૈષ્ણવ સામાજીક સુરક્ષા યોજના



કાર્યાલયનું સરનામું

**દીપક ડી. ગાંધી**

૨, પ્રયાગ બંગ્લોઝ, સિટીઝન ચાર રસ્તા, ઈલોરા પાર્ક, આત્મજ્યોતિ આશ્રમ રોડ,
સુભાનપુરા, વડોદરા -૩૯૦ ૦૨૩. મો. નં. ૯૪૨૭૬૧૧૩૬૧
E-mail : dipak_gandhi@rediffmail.com

## યોજનાની માહિતી અને પ્રવર્તમાન નિયમો

૧. સ્થાપના વર્ષ : ૧૯૯૯

૨. સ્થાપક : શ્રી વિશાનીમા વૈષ્ણવ પંચ સમુદાય

૩. (૧) સ્થાપના વર્ષની કુલ સભ્ય સંખ્યા - ૧૦૬૫
(૨) હાલની સભ્ય સંખ્યા : ૨૮૧૯ (કુલ સ્વર્ગવાસી સભ્યો - ૧૭૪)
(૩) હાલનું એકત્રિક કુલ ભંડોળ (૩૧-૦૩-૨૦૧૬ સુધી) : રૂા. ૧.૦૩ કરોડ

૪. સભ્યપદ માટેની લાયકાત : જે તે વર્ષની ૧ એપ્રિલે ૧૮ થી ૫૦ વર્ષની ઉંમર, વિશાનીમા પંચ સમુદાયના આજીવન સભ્યજ આ યોજનામાં નિયમાનુસાર ફોર્મ તથા નિયત ફી ભરીને સભ્ય થઇ શકશે. અપરણિત છોકરીઓ આ યોજનાના સભ્ય બની શકશે નહિ. પરણિત છોકરીનો પતિ જો પંચ સમુદાયનો સભ્ય હોય તો તે આ યોજનામાં જોડાઇ શકશે.

૫. જે તે સભ્યએ તેના વારસદારની નિમણુક કરવી ફરજીયાત છે. હયાતી દરમ્યાન કોઇપણ સમયે વારસદારમાં ફેરફાર થઇ શકશે.

૬. નવિન સભ્યપદ માટે ફોર્મ સાથે પ્રવેશ ફી રૂા. ૧૦૦/- એડવાન્સ ડેથ Contribution નીચે પ્રમાણે તથા જન્મનું પ્રમાણપત્ર (નકલ) સાથે નીચે મુજબની ફી ભરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧૮ થી ૩૦ વર્ષ - રૂા. ૫૦૦/- | ૩૧ થી ૪૦ વર્ષ - રૂા. ૭૦૦/- | ૪૧ થી ૪૫ વર્ષ - રૂા. ૧૦૦૦/- | ૪૬ થી ૫૦ વર્ષ - રૂા. ૫૦૦૦/- |

૭. ભરેલ ફોર્મ જે તે પંચ/મંડળ દ્વારા મોકલાવી શકાશે. અધુરી માહિતી વાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

૮. જોખમની શરૂઆત સભ્ય થયાના એક વર્ષ પછી થશે. નાણાકીય વર્ષ એપ્રિલ થી માર્ચ ગણવામાં આવશે. ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન થયેલ સભ્યએ એપ્રિલ ૨૦૧૭માં નોટીશનું પ્રિમીયમ ભરવાનું રહેશે નહી.

૯. પ્રિમીયમની રકમ રૂા. ૬૦/- દિવંગત સભ્યદીઠ દર વર્ષે એપ્રિલમાં જે તે ગામના પંચ/મંડળ દ્વારા મોકલવાની વ્યવસ્થા છે. જેના નાણાં જે તે વર્ષના મે મહિનાના અંત સુધીમાં ભરવાના રહેશે. ત્યાર બાદ જો પ્રિમીયમની રકમ ભરવામાં નહિ આવે તો રૂા. ૧૦/- પ્રતિ માસ દંડ સહિત ભરવાની રહેશે. જો પ્રિમીયમની રકમ ૩૧ માર્ચ સુધીમાં ભરપાઇ કરવામાં નહિ આવે તો સભ્યપદ આપોઆપ રદ થશે. તેમજ અગાઉ ભરેલ તમામ રકમ પરત મળશે નહિ તેમજ કોઇજ લાભ આપવામાં નહિ આવે. આ માટે નોટીશ ન મળ્યા સહિતની ફરીયાદ નોંધવામાં આવશે નહિ.

૧૦. ડેથ કલેઇમની રકમ રૂા. ૪૦/- પ્રતિ સભ્યદીઠ પ્રમાણે ગણીને પંચના નિયમાનુસાર કપાત કરીને ચુકવવામાં આવે છે. હાલમાં સ્વર્ગવાસી સભ્યના વારસદારને રૂા. ૧૦૦૦૦૦/-ચુકવવામાં આવે છે. જો બેંકના ખાતાની વિગત વડોદરા કાર્યાલય પાસે હશે તો ડેથ કલેઇમની રકમ સીધી ખાતામાં જમા કરાવવામાં આવશે. પરંતુ જો આ વિગતો અપ્રાપ્ય હશે તો જે તે ગામના પંચ/મંડળના પ્રતિનિધિ દ્વારા વારસદારના નામનો ચેક મોકલવામાં આવશે.

૧૧. દરેક સભ્યએ મહત્તમ ૩૦ વર્ષ સુધી જ પ્રિમીયમ ભરવાનું રહેશે.

૧૨. કોઇપણ સામાજિક સુરક્ષા યોજનાનો સભ્ય જ્યારે ગૌલોકવાસી થાય ત્યારે તેના વારસદારે ડેથ કલેઇમ મેળવવા બોન્ડ સર્ટી (અસલી)તથા મૃત્યુના દાખલાની નકલ ફોર્મ સાથે ભરીને વડોદરા કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

૧૩. જો કોઇ સભ્યનું આ યોજનાના સભ્ય થયાના એક વર્ષની અંદર અવશાન થશે તો તે સભ્યના વારસદારને ફકત ભરેલ એડવાન્સ ડેથ Contribution (વ્યાજ વિના ) પરત કરવામાં આવશે.

૧૪. ડુપ્લીકેટ બોન્ડ સર્ટી. વારસદાર/સરનામામાં ફેરફાર વગેરે માટે એક Common Request ફોર્મ નિર્ધારિત કરવામાં આવેલ છે. આ ફોર્મ જે તે ગામના પંચ/મંડળના પ્રતિનિધિ અથવા વડોદરા કાર્યાલય પાસેથી મેળવી શકાશે. ડુપ્લીકેટ બોન્ડ સર્ટી. કઢાવવાનો ચાર્જ રૂા. ૧૦૦/- રહેશે.

૧૫. શ્રી વિશાનીમા પંચ સમુદાયની કારોબારી વખતો-વખત નિયમોમાં ફેરફાર કરી શકશે અને તે આ નિયમો યોજનાના સભ્યોને બંધનકર્તા રહેશે. બેંકમાં ખાતા ખોલાવવા, એફ ડી મુકવી અને તેની સામે ઓવર ડ્રાફ્ટ લેવો અને આ યોજનામાં એકત્રીત ફંડનું કાયદા મુજબ રોકાણ કરવાની સત્તાઓ યોજનાના સંયોજક, સહ સંયોજક, મંત્રી, સહમંત્રી તેમજ કોષાધ્યક્ષ બહુમતીથી નકકી કરશે.

૧૬. કોઈપણ પત્રવ્યવહારમાં આપના સામાજિક સુરક્ષા યોજનાના સભ્યપદ નંબરનો ઉલ્લેખ જરૂરથી કરવો. અન્યથા તે અરજી ધ્યાન પર લેવામાં આવશે નહિ.

૧૭. આ આપણી પોતાની સામાજિક ઉત્કર્ષ માટેની યોજના છે અને જે તે સભ્યના વારસદારને આડકતરી રીતે એક જ્ઞાતિજન બીજા જ્ઞાતિજનને આર્થિક મદદ કરી શકે તેવો ઉદ્દેશ હોઈ સર્વ જ્ઞાતિજનોને સામાજીક સુરક્ષા યોજનાના સભ્ય બનવા નમ્ર વિનંતી છે.

**યોજના સંદર્ભે સુચનો આવકાર્ય છે.**

**કૃપા કરીને નીચે મુજબના કામકાજ માટે જે તે હોદેદારનો સંપર્ક કરવો.**


**દીપક ગાંધી**
સંયોજક
મો. ૯૪૨૭૬૧૧૩૬૧
ક્લેઈમ તથા અન્ય કામ માટે

**કિરીટ ગાંધી**
સહ સંયોજક
મો. ૯૪૨૬૦૨૩૩૩૮
સરનામામાં ફેરફાર માટે

**પંકજ મોદી**
મંત્રી
મો. ૯૪૨૯૮૩૯૯૪૩
પ્રિમીયમ નોટીસ તથા ચુકવણી માટે

**ભરત ગાંધી**
સહમંત્રી
મો. ૯૦૯૯૯૫૪૮૯૩
સર્ટીફીકેટ તથા નવાં સભ્ય બનવા માટે